ડાયરેક્ટ ❤ સે

એવું જીવો
કે તમે
તમારી જાતને પસંદ આવો.
દુનિયાની ચિંતા ન કરશો
કારણ કે
દુનિયાની પસંદ તો
બહુ જલદી
બદલાઈ જાય છે.

રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સ દ્વારા ફૂડ ફેસ્ટિવલ

સરગાસણ સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સ ખાતે ધોરણ-૪થી ૯ના વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા 'ફૂડ ફેસ્ટિવલ'નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ પરત્વે હંમેશાં પ્રયત્નશીલ રહેતા રેડિયન્ટ શાળા મેનેજમેન્ટે વિદ્યાર્થીઓમાં વ્યવહારુ જ્ઞાન, ખરીદ-વેચાણ સમજ ઉપરાંત દૈનિક જીવનમાં અવનવા ખોરાક રાંધી આપી આપણી ભૂખ સંતોષનાર માતાઓ, બહેનો, દીકરીઓ માટે પ્રશંસા અને માનની લાગણી જન્મે એવા ઉમદા હેતુસર આવા સુંદર કાર્યક્રમનું આયોજન કર્યું હતું. શિક્ષકોની મદદથી વિદ્યાર્થીઓએ ૧૦ ફૂડ સ્ટોલતૈયાર કર્યા હતા, જેમાં ભૂંગળા-બટેટા, પાણીપુરી, ભેળ, સલાડ, સેન્ડવીચ, ચના જોર ગરમ, ફ્રુટ જ્યુસ, કચ્છી બાઉલ, ચાટ બાસ્કેટ, મોનેકો ટોપિંગ્સ જેવી સ્વાદિષ્ટ વાનગીઓ રાખવામાં આવી હતી. સંસ્થાના મેનેજિંગ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જી ટી શનિયાર અને કેમ્પસ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જે બી વામજાએ વિદ્યાર્થીઓ સાથે રહી આ ફૂડ ફેસ્ટિવલનું ઉદ્‌ઘાટન કર્યું હતું. ત્યારબાદ સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થીઓએ ફૂડની નિયત કરેલી રકમ ચૂકવીને વાનગીઓ આરોગી ફૂડ સ્ટોલ તૈયાર કરનાર વિદ્યાર્થીઓને યોગ્ય વળતર સાથે પ્રોત્સાહન પણ પૂરું પાડ્યું હતું.

શ્રી હરી ઈન્ટરનેશલ પબ્લિક સ્કૂલનો વિદ્યાર્થી રાષ્ટ્રીય બાળ કાવ્ય સ્પર્ધામાં પ્રથમ સ્થાને

ગાંધીનગર, તા. ૨૮

શ્રી હરી ઈન્ટરનેશલ પબ્લિક સ્કૂલ (સ્વામીનારાયણ ગુરુકુળ, સેક્ટર ૨૩) ગાંધીનગરનાં ધો-૨માં અભ્યાસ કરતા હાર્દ મોહનીશભાઈ વસાવડા એ અવન્તિકા ફાઉંડેશન, ન્યુ દિલ્હી આયોજિત અવન્તિકા કલ્ચર ઓલમ્પિયાડમાં રાષ્ટ્રીય બાળ કાવ્ય સ્પર્ધામાં સ્વચ્છ ભારત થીમ પર કાવ્ય લખી પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી શ્રીમતી સરોજ ગુપ્તા મેમોરીયલ એવોર્ડ અને પ્રમાણપત્ર મેળવી ગુજરાતનું ગૌરવ વધારેલ છે. જે બદલ સ્વામીનારાણ ગુરુકુળના શ્રી રામ સ્વામી તથા શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

જન્મદિને વધામણી

વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસો એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ ગર્લ્સ સ્કૂલની ધોરણ-૮ની ચાર વિદ્યાર્થિની બહેનોએ ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવેલી વર્ષ ૨૦૧૭-૧૮ની ઍસઍસઇની પરીક્ષામાં જિલ્લાકક્ષાએ સફળતા પ્રાપ્ત કરી રૂા. ૧૦૦૦ની મેરિટ સ્કૉલરશિપ પ્રાપ્ત કરી છે. ક્વિન્સિ રાજેસભાઈ ઠક્કરે દ્વિતિય, આન્સી લલિતકુમાર પ્રજાપતિએ પાંચમો, દિવ્યા અલ્પેશકુમાર પટેલે સાતમો અને શ્રુતિ મનીષકુમાર શાહે નવમા ક્રમે ઉત્તીર્ણ થવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું હતું. પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધારનાર આ તમામ વિદ્યાર્થિનીઓને શાળા પરિવાર વતી આચાર્ય નીરૂબેન પટેલે બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

સંસ્કૃતિ સંસ્થાના ઉપક્રમે ગાંધીનગર ટાઉનહૉલમાં

કિશોર કુમારનાં ગીતોનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગરની સંસ્કૃતિ સંસ્થાના ઉપક્રમે સદાબહાર ગાયક કિશોર કુમારના કંઠે ગવાયેલાં ગીતોનો કાર્યક્રમ ગાંધીનગર ટાઉનહૉલમાં શ્રી ભૂષણ અવસત્થી, જ્યોતિ ક્રિશ્ચિયન અને ફ્રેંકલીન ક્રિશ્ચિયન દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. સંદિપ ક્રિશ્ચિયનની અદ્‌ભૂત વાદ્યસંગતના તાલે કલાકારોએ મન મૂકીને ગાયેલાં ગીતો શ્રોતાઓએ આકંઠ માણ્યાં હતાં. આરંભથી અંત સુધી શ્રોતાઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને માણ્યો હતો.

ગાંધીનગરમાં વિશ્વ ક્ષય દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર જિલ્લાને વર્ષ - ૨૦૨૫ સુધીમાં ટી.બી. મુકત બનાવવા જિલ્લા કલેકટરનું આહવાન

જિલ્લામાં ક્ષય વિરોધી શ્રેષ્ઠ કામગીરી કરનાર અધિકારી, કર્મચારીઓનું સન્માન

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લા ટીબી કંટ્રોલ સોસાયટી દ્વારા વિશ્વ ક્ષય દિવસની ઉજવણી પ્રસંગે જિલ્લા કલેકટરશ્રી સતીશ પટેલે જણાવ્યું હતુ કે દેશમાં દર વર્ષે ચાર લાખથી વધુ લોકો ક્ષય રોગથી મૃત્યુ પામે છે. વિશ્વના કુલ ટીબીના દર્દીઓમાં ૨૭ ટકા જેટલું પ્રમાણ ભારત દેશમાં છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૨૦૩૦ સુધીમાં ''ટી.બી.મુકત ઇન્ડીયા'' અભિયાન ચલાવ્યુ છે ત્યારે ગાંધીનગર જિલ્લો પાંચ વર્ષ પહેલા એટલે કે ૨૦૨૫ સુધીમાં ટી.બી. મુકત બને તેવા ક્ષય રોગની સારવાર સાથે સંકળાયેલ ડોકટર અને કર્મચારીઓને શ્રેષ્ઠ કામગીરી કરવા આહવાન કર્યુ હતું.

જિલ્લા વિકાસ અધીકારીશ્રી દેવાંગ દેસાઇ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધીકારી ડો. એમ.એમ. સોલંકીની ઉપસ્થિતીમાં ક્ષય નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત વર્ષ-૨૦૧૭માં શ્રેષ્ઠ કામગીરી કરનાર મેડીકલ ઓફીસર, લેબોરેટરી ટેકનીશીયન, ફાર્માસીસ્ટ, હેલ્થ વર્કર સહિત ખાનગી ડોકટરોનું જિલ્લા કલેકટરશ્રી સતીશ પટેલના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. જિલ્લા વિકાસ અધીકારીશ્રી દેવાંગ દેસાઇ જણાવ્યું હતુ કે જિલ્લાની સરકારી હોસ્પિટલોમાં તમામ ટી.બી.ના દર્દીઓ માટે ફ્રી સારવાર ઉપલબ્ધ છે ત્યારે લોકોમાં જાગૃતિ આવે અને ખાનગી ડોકટરો પણ ટી.બી.ના ગરીબ દર્દીઓને સરકારી હોસ્પિટલમાં સારવાર માટે રીફર કરે. ગાંધીનગર જિલ્લામાં ૨૧૩૧ ટી.બી.ના દર્દીઓ શોધાયા છે. જે પૈકી ૯૮૯ ચેપી દર્દીઓ મળી આવ્યા છે. ગાંધીનગર જિલ્લા ક્ષય નિવારણ કેન્દ્ર ખાતે કાર્યરત સ્ટાફ દ્વારા ટી.બી.ના દર્દીઓને કઠોળ, ખજુર, દૂધ જેવી સવલતો વિનામૂલ્યે આપી સેવા બજાવે છે.

કલોલ તાલુકાની મોટી ભોયણ ખાતે આવેલ જે.કે. લક્ષ્મી સિમેન્ટ દ્વારા ૨૦ જેટલા દર્દીઓને દવા – કરિયાણાની કીટનું વિતરણ સિનીયર વાઇસ પ્રેસીડેન્ટશ્રી નવીનકુમાર શર્માના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત ન્યાય સમિતિના ચેરમેનશ્રી એમ. એલ. પરમાર સહિત વિશાળ સંખ્યામાં ક્ષય રોગના નિદાન સાથે સંકળાયેલ ડોકટરો અને કર્મચારીઓ ઉપસ્થિત રહયા હતા.

આદિવાડા ખાતે સમર્પણ કોલેજના એનએનએસ શિબિરનું સમાપન

ગાંધીનગર સ્થિત સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના એનએસએસ યુનિટનો આદિવાડા સરકારી પ્રાથમિક શાળા ખાતે યોજાયેલ કેમ્પનું સમાપન થયું છે. કેમ્પમાં વિદ્યાર્થીઓએ આદિવાડા ખાતે વિવિધ સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓ સાથે જનજાગૃતિના કાર્યક્રમો યોજયા હતા. આદિવાડા ખાતે 'શિક્ષક થકી સશકિતકરણ' વિષયે યોજાયેલ એનએનએસ શિબિરનું ઉદઘાટન ગાંધીનગર મનપાના ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા ઉર્ફે જીગાબાપુના હસ્તે કરવામાં આવ્યું હતું. સમગ્ર કેમ્પ દરમિયાન શિબિરાર્થીઓએ આદિવાડામાં ગામનું સર્વેક્ષણ, વ્યસન મુકિત અભિયાન વપરાશકારક વસ્તુઓનું વિતરણ, શાળાનું યોગનું શિક્ષણ જેવા વિવિધ રચનાત્મક કામો કરાયા હતા. એનએનએસ શિબિરના પ્રારંભે ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળના પ્રતિનિધિઓ દીપક પ્રજાપતિ અને વિપલુ ચૌહાણ દ્વારા શાળાના તમામ બાળકોને વોટરબોટલ ભેટ આપવામાં આવી હતી.

સોમવારની મીટીંગમાં હોમગાર્ડઝ સભ્યોને હાજર ન રહેવા સુચના

ગાંધીનગર, તા.૨૮

જિલ્લા કમાન્ડન્ટ, હોમગાર્ડઝ ગાંધીનગરની યાદીમાં જણાવ્યા મુજબ ગુજરાત રાજયના કોઈ પણ હોમગાર્ડઝ સભ્યોએ તા. ૨જી એપ્રિલ ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ સરસપુર અમદાવાદ ખાતે બપોરે ૧ કલાકે યોજાનાર મીટીંગમાં હાજર ન રહેવા તાકીદ કરવામાં આવે છે. ઉપરોકત સુચનાનો ભંગ કરશે તો શિસ્તબંધ દળની ગરીમાને વિપરીત અસર થાય તેવી વર્તણુંક કરશે તો કાયદેસર પગલાં લેવામાં આવશે.

ગાંધીનગરની સંસ્થા 'કલા ગુર્જરી' દ્વારા તેના અગીયારમાં વર્ષની છઠ્ઠા અને છેલ્લા કાર્યક્રમ તરીકે આપણી વચ્ચેથી તાજેતરમાં જ વિદાય લીધેલ સૌની માનીતી અને લોકપ્રિય ફીમેલ સુપરસ્ટાર શ્રીદેવીને શ્રદ્ધાંજલી આપતા અને તેની ફિલ્મોના મસ્ત ગીતોથી છલકાતા કાર્યક્રમ 'ચાંદની'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જાણીતા અને સુરીલા કલાકારો દર્શના ગાંધી સાથે રાગ મહેતા અને દેવર્શી સોનેજીએ ગીતો પ્રસ્તુત કર્યા હતા જયારે સંગીત સંચાલન રીશીન સરૈયાનું હતું અને લોકપ્રિય ઉદઘોષક મોહસીન શેખ દ્વારા કાર્યક્રમનું રસદર્શન કરાવવામાં આવ્યું હતું.

૩ હજાર ચકલી ઘરના વિતરણ સાથે 'હેપ્પી સ્પેરો વીક'નું સમાપન

હેપ્પી યુથ કલબ આયોજિત 'હેપ્પી સ્પેરો વીક'ને ઉમળકાભર્યો પ્રતિસાદ : અનેક સ્થળે પક્ષી પરબોનું સ્થાપન કરાયું

ગાંધીનગર, તા.૨૮

હેપ્પી યુથ કલબ દ્વારા ગાંધીનગરમાં વિશ્વ ચકલી દિવસથી એક સપ્તાહ માટે ''હેપ્પી સ્પેરો વિક''ની ઉજવણી કરવામાં આવી હતી. હેપ્પી સ્પેરો વીક દરમ્યાન શહેરમાં વિના મૂલ્યે આશરે ત્રણ હજાર ''હેપ્પી ચકલી ઘર''નું વિતરણ કરવામાં આવ્યું હતું. હેપ્પી સ્પેરો વિક દરમ્યાન નગરજનો દ્વારા મળેલા ઉમળકાભર્યો પ્રતિસાદ સાંપડ્યો હતો. આ ઉપરાંત શહેરની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ સહિત અને સ્થળે પક્ષીઓ માટે પાણી મળી રહે તે હેતુથી માટીની કુંડાની પક્ષી પરબોનું સ્થાપન કરવામાં આવ્યું હતું. હેપ્પી સ્પેરો વીક અંતર્ગત ગુજરાતનાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્રભાઈ ત્રિવેદી અને વિરોધ પક્ષના નેતા પરેશભાઈ ધાનાણીને ''હેપ્પી ચકલી ઘર''ની ભેટ આપવામાં આવી હતી અને તમામ મહાનુભાવોએ હેપ્પી યુથ કલબના પ્રયાસને બિરદાવ્યો હતો.

એક તરફ દિન પ્રતિદિન ગરમીનો પારો વધતો જાય છે અને બીજી તરફ હરિયાળીનું નિકંદન નીકળતું જાય છે, વળી, વિવિધ કારણોસર ચકલી તથા તેના જેવા નાનાં કદના પક્ષીઓની પ્રજાતિઓ પર પ્રદૂષણની ગંભીર અસરો જોવા મળે છે અને ઘણી બધી પ્રજાતિઓ લુપ્ત થવા તરફ ધસી રહી છે. આ સંજોગોમાં આ પક્ષીઓને બચાવવા અને તેમનું સંવર્ધન કરવા અંગે જાગૃતિ ફેલાવવાના હેતુથી ગાંધીનગરની હેપ્પી યુથ કલબ દ્વારા વિશ્વ ચકલી દિવસ નિમિત્તે ''હેપ્પી સ્પેરો વીક''નું આયોજન કરવામાં આવ્યું હતું. ''હેપ્પી સ્પેરો વિક'' ની ઉજવણીના ભાગ રૂપે આ સપ્તાહ દરમ્યાન કુલ પાંચ વાર મળીને ૩ હજાર જેટલા ''હેપ્પી ચકલી ઘર''નું વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં સેક્ટર-૧૨માં બલરામ મંદિરે બે વાર અને તે ઉપરાંત સેક્ટર – ૧૬ માં પાટનગર યોજના ભવન સામે, કુડાસણ વિસ્તારમાં શ્યામ સૃષ્ટિ કોમ્પ્લેક્ષ ખાતે અને સરગાસણ ચાર રસ્તા નજીક પ્રમુખ ઓએસિસ ખાતે કરવામાં આવેલા હેપ્પી ચકલી ઘરના વિતરણનો સમાવેશ થાય છે. આ ઉપરાંત હેપ્પી સ્પેરો વીક દરમ્યાન હેપ્પી યુથ કલબ દ્વારા શહેરના વિવિધ શૈક્ષણિક સંકુલો તથા કેટલાક જાહેર સ્થળો ખાતે આવનાર ઉનાળાની કાળઝાળ ગરમીમાં પક્ષીઓની તરસ છીપાય તે હેતુથી શહેરમાં વિવિધ સ્થળે પક્ષી પરબ (માટીના કુંડા)નું સ્થાપન કરવામાં આવ્યું હતું તેમજ તેમાં નિયમિત જળવ્યવસ્થાપનની કાળજી લેવાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ ''હેપ્પી સ્પેરો વિક''ને સફળ બનાવવા હેપ્પી યુથ કલબના સ્વયંસેવકો ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી અને નગરજનો દ્વારા પણ હેપ્પી સ્પેરો વીકને પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડયો હતો.